# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં દેશના સૌથી મોટા સેનિટરી પેડ ઉત્પાદન એકમનો શુભારંભ કરાવ્યો.
2) માધવપુર ઘેડ મેળાની ઉજવણી નિમિત્તે અમદાવાદ , વડોદરા, સુરત, સોમનાથ અને દ્વારકામાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે
3) સમગ્ર વિશ્વ સહિત રાજ્યભરમાં ઈદ ઉલ ફિત્રની હર્ષોલ્લાસથી ઉજવણી
4) કચ્છ જિલ્લાના ભૂજ નજીકથી માદક પદાર્થના જથ્થા સાથે બે વ્યક્તિની ધરપકડ કરાઇ
5) રાજ્યમાં આગામી ચાર દિવસ છુટા છવાયા સ્થળોએ વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં દેશના સૌથી મોટા સેનિટરી પેડ ઉત્પાદન એકમનો શુભારંભ કરાવ્યો. શ્રી પટેલે જણાવ્યું , રાજ્ય સરકારે સામાન્ય માણસને સરળતાથી આરોગ્યની સેવાઓ મળે તેવી સુવિધા વિકસાવી છે. રાજકોટના બિલિયાડા ખાતેથી માસિક સ્વચ્છતા જાગૃતિ કેમ્પનો શુભારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્ય આરોગ્યલક્ષી સેવાઓના ઉત્પાદનમાં અગ્રેસર છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

-------------

# GAJENDRASINGH DIV

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત કેન્દ્ર શાસિત પ્રદેશ દિવની મુલાકાત લીધી. તેમની ઉપસ્થિતિમાં દીવમાં નવા બનેલા બે સર્કિટ હાઉસની ચાવી હોટેલ તાજ ગ્રુપને સોંપાઈ હતી. આ પ્રસંગે પ્રશાસક પ્રફુલ પટેલ પણ હાજર રહ્યા હતા. દીવના જલંધર બીચ સ્થિત એનએક્સ સર્કિટ હાઉસ કે જે હવે " ગેટ વે દીવ " કહેવાશે અને દીવ ફોર્ટ સર્કિટ હાઉસ કે જે હવેથી " ધ ફોર્ટ હાઉસ" કહેવાશે.

-------------

# PRAFUL PANSERIYA PARUL UNIVERSITY

ભારતીય સંસ્કૃતિની વસુધૈવ કુટુમ્બકમની વિભાવના સમગ્ર વિશ્વનું માર્ગદર્શન કરી રહી છે. વડોદરામાં પારૂલ યુનિવર્સિટીમાં સી.એસ.આર કન્વેન્શન અને બેસ્ટ પ્રેક્ટિસિસ એવોર્ડ વિતરણ સમારોહમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે હકારાત્મક વિચારધારા સાથે જરૂરિયાતમંદોને મદદરૂપ થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે 24 કેટેગરીમાં વિવિધ સંસ્થાઓને એવોર્ડ એનાયત કરાયા હતા.

-------------

# PORBANDAR, MADHAVPUR MELO

આ વર્ષે સમગ્ર રાજ્યમાં માધવપુર ઘેડ મેળાની ઉજવણી કરાશે. પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરાયાં છે. આવતીકાલે સુરતમાં ઇનડોર સ્ટેડિયમ ખાતે , 2 એપ્રિલે વડોદરામાં અકોટા સ્ટેડિયમ ખાતે 3 એપ્રિલે અમદાવાદના ટ્રાન્સ્ટેડિયા ખાતે , અને 5 એપ્રિલે સોમનાથ મંદિર ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પોરબંદર જિલ્લામાં 6 થી 10 એપ્રિલ સુધી ચાલનારા પાંચ દિવસીય માધવપુર ઘેડ મેળામાં ગુજરાત સહિત ઉત્તરપૂર્વના 8 રાજ્યો ભાગ લેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ છઠ્ઠી એપ્રિલે સાંજે કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# EID CELEBRATION

રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં આજે ઈદ ઉલ ફિત્રની હર્ષોલ્લાસથી ઉજવણી કરાઇ. ભરૂચ જિલ્લામાં મુસ્લિમોએ મસ્જીદોમાં ઇદની ખાસ નમાજ અદા કરી હતી. ભરૂચ જિલ્લામાં ઇદની નમાજ બાદ મુસ્લિમ ભાઇઓ એકબીજાને ગળે મળીને ઇદની ખુશી મનાવતા જોવા મળ્યા હતા.આ પ્રસંગે હિન્દુભાઇઓએ પણ મુસ્લિમ બિરાદરોને ઇદની મુબારબાદ પાઠવી હતી.

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે મુસ્લિમ બિરાદરોએ રમઝાન ઇદ નિમિત્તે નમાઝ અદા કરી ભાઈચારા સાથે ઉજવણી કરી.

(બાઇટ: મુસ્લિમ અગ્રણી)

ભાવનગરમાં ઈદની નમાઝ બાદ તમામ મુસ્લીમ બિરાદરોએ કબ્રસ્તાનમાં જઈ મર્હુમોની કબર ઉપર ફૂલ ચઢાવી દુવાઓ કરવામાં આવી હતી. નમાઝ બાદ મુસ્લીમ બિરાદરો દ્વારા દેશ અને દુનિયામાં શાંતિ, સુખ, અને ભાઇચારો કાયમ રહે તેવી દુવાઓ પણ કરવામાં આવી હતી.

-------------

# YOUTH PARLIAMENT

ગુજરાત વિધાનસભા ખાતે રાજ્ય સ્તરીય વિકસિત ભારત યુવા સંસદ યોજાઈ. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓના 10 યુવાનોએ બંધારણના 75 વર્ષની યાત્રા વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ 108 યુવાનોએ ભાગ લીધો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ યુવાઓને એક શ્રેષ્ઠ નેતા, વક્તા બનવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ યુવા સંસદમાં કચ્છની આયુષી કેનિયાએ પ્રથમ સ્થાન, વડોદરાની સોનાલીકા નિગમે દ્વિતીય સ્થાન અને ગાંધીનગરના પ્રથમ ટાકોલિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ત્રણ વિજેતાઓ કેન્દ્રીય હોલ સંવિધાન સદનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

-------------

# SURAT GHUMAR

સુરતના ગોડાદરા ખાતે રાજસ્થાન સમાજની 12 હજાર મહિલાઓએ ઘુમર નૃત્ય કરી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો છે. સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે સુરતમાં રાજસ્થાની લોકો સૌથી મોટી સંખ્યામાં રહે છે. કાપડ માર્કેટ સાથે સંકળાયેલા રાજસ્થાની લોકોએ સુરતમાં પોતાના વતન રાજસ્થાન દિવસની અનોખી ઉજવણી કરી હતી. તેઓએ ગોડાદરા સ્થિત મરુધર મેદાનમાં ઘુમર નૃત્ય રજુ કરીને નવો કિર્તિમાન સ્થાપ્યો છે.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# KUTCH COCAINE

કચ્છ જિલ્લાના ભૂજ નજીક માનકુવા વિસ્તારમાંથી કારમાંથી 41 લાખ રૂપિયાની કિમતના માદક પદાર્થ સાથે બે વ્યક્તિની ધરપકડ કરાઇ છે... સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : રામજી મેરિયા)

---------

# MORBI PGVCL

મોરબીના હળવદમાંથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ PGVCLએ 77 લાખ રૂપિયાથી વધુની વીજચોરી ઝડપી છે. PGVCLની 74 ટીમોએ વિવિધ વિસ્તારમાં દરોડા પાડી 820 વીજ જોડાણ ચેક કર્યા હતા જેમાં 112 જોડાણમાં ગેરરીતિ સામે આવતા કડક કાર્યવાહી કરી હતી. મોરબીના અમારા પ્રતિનિધિ જણાવે છે કે ઘનશ્યામગઢ , અજીતગઢ, ધનાળા સહિતના ગામોમાં 55 જોડાણ, હળવદ શહેરમાં 35 જોડાણમાં ગેરરીતિ સામે આવી હતી.

----------

# WEATHER

રાજ્યમાં આગામી ચાર દિવસ છુટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આવતીકાલે પંચમહાલ , દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, ભાવનગર અમરેલી અને દીવમાં છુટા છવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આવતીકાલે પોરબંદર, ગીર સોમનાથ અને દીવમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં 40.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 38.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

------------------

# AMBAJI -AARTI

ચૈત્રી નવરાત્રીનું આજે બીજું નોરતું હોવાથી યાત્રાધામ અંબાજી મંદિરમાં સવારે બે મંગળા આરતી કરવામાં આવી. બનાસકાંઠાનાં અમારા પ્રતિનિધિ જણાવે છે કે, બીજા નોરતાથી આઠમ સુધી રોજ સવારે બે મંગળા આરતી કરવામાં આવે છે. એક આરતી ગર્ભગૃહની અંદર જ્યારે બીજી આરતી ઘટસ્થાપના પાસે થાય છે. અંબાજી મંદિરમાં ફૂલોનો પણ વિશેષ શણગાર કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરને રંગબેરંગી લાઈટોથી પણ શણગારવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# PAVAGADH - NAVRATRI

પાવાગઢ શક્તિપીઠ ખાતે ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતે એક લાખથી વધુ ભક્તોએ માતાજીના ચરણમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી. એસટી વિભાગ દ્વારા 50 જેટલી એસટી બસો 24 કલાક દોડવવા માટેની સુવિધા કરાઈ છે. યાત્રાળુઓની સુરક્ષા માટે તળેટીથી લઈને નીજ મંદિર સુધી ત્રણ ડીવાયએસપી 12 પીઆઇ, 12 પીએસઆઇ, સહિત 950 થી વધુ પોલીસ જવાનો બંદોબસ્તમાં ગોઠવાયાં છે.

. . . . . . . . . . . . .

# CONGRESS

અમદાવાદ ખાતે  ૮ અને ૯ એપ્રિલે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે. કોંગ્રેસની કાર્યકારીણી બેઠક સવારે સરદાર બાગ શાહીબાગ ખાતે જ્યારે સાંજે સાબરમતી આશ્રમ ખાતે પ્રાર્થના સભા યોજાશે. તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે સાંકૃતિક કાર્યક્રમો યોજાશે. કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધિવેશનમાં કોંગ્રેસના ટોચના નેતાઓ ઉપસ્થિત રહેશે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા હાલ તૈયારીઓ શરૂ કરાઈ છે.

. . . . . . . . . . . . .

# IPL

આઇપીએલ ક્રિકેટમાં મુંબઈનાં વાનખેડે સ્ટેડિયમમાં આજે મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટરાઈડર્સ વચ્ચે મેચ રમાશે.

મુંબઈ ઈન્ડિયન્સ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . . . . .